# સો કીરીયા
# પીર સદરદીનની.
## તથા
## સહી સમરણી.

પ્રગટ કરનાર,

**મુખી લાલજીભાઈ દેવરાજ.**

સંવત ૧૯૭૭. તા૦ ૮-૬-૨૧.

# સો કીરીયા

# પીર સદરદીનની.

## તથા

## સહી સમરણી.

પ્રગટ કરનાર,

**મુખી લાલજીભાઈ દેવરાજ.**

સંવત ૧૯૭૭. તા૦ ૮-૯-૨૧.

# સો કીરીયા પીર સદરદીનની.

સતગુરૂ તણી શીખાંમણ સાચી; ॥ ૧ ॥
સાંભલો રૂખીસરો મળી મન રાચી; ॥ ૨ ॥
દીન ઉગે કરો ધરમશું ધંધા; ॥ ૩ ॥
સાંજ પડે થાઓ સાહેબજીના બંદા; ॥ ૪ ॥
કોએ કેની મ કરસ્તે નીંદા; ॥ ૫ ॥
ગતમાંહે આવી કરો હે જંદા; ॥ ૬ ॥
સતગુરૂ વચને ચીત રાખો ચંદા; ॥ ૭ ॥
રીખીસર કેરી વીરા એ છે સંઝયા; ॥ ૮ ॥
સંઝયા બાંધો મુનીવર ભાઇ; ॥ ૯ ॥
મીલી કરો ગતમાંહે ધરમ ઉપાઈ; ॥ ૧૦ ॥
મંન મારો તો સંમતા મોઇ; ॥ ૧૧ ॥
ધરમશાળાએ આવી ન રહીએ સુઇ; ॥ ૧૨ ॥
ધરમશાળાએઆવી કેનીવાત નકરીએ; ॥ ૧૩ ॥
આહાર ઘણો કરી પેટ ન ભરીએ; ॥ ૧૪ ॥
જો પેટ ભરશો તો ભારે થાસો; ॥ ૧૫ ॥
આવશે નીંદ્રા ને બહુ પસ્તાસો; ॥ ૧૬ ॥
હલવે પેટ વીરા હોંસજ થાસે; ॥ ૧૭ ॥
જાગતા જપીએ તો સતગુર પાસે; ॥ ૧૮ ॥
વડા નાનાની અદબે રહીએ; ॥ ૧૯ ॥
વડા તણાં બે અવગુણ સહીએ; ॥ ૨૦ ॥
હાડો વડા તેને વરસ વડા કરી જાણે; ॥ ૨૧ ॥
બોલાવો ભાઈ મોઢે પરમાણે; ॥ ૨૨ ॥
આપણ થકી જે નાનેરો ભાઈ; ॥ ૨૩ ॥
તેને કહી બોલાવો મોટેરો સહી ॥ ૨૪ ॥

મીઠે વચને બોલાવો વીરા ॥ ૨૫ ॥
તો તમારા મુખ માંહે ઝલકે હીરા ॥ ૨૬ ॥
સતગુર મલ્યાના એ છે ભેદ ॥ ૨૭ ॥
રૂખીસર કેનો મ કરશો ખેદ ॥ ૨૮ ॥
આસરા નીંદરા ન કરીએ જાણી ॥ ૨૯ ॥
જુઠ તજો વેદ વચન પરમાંણી ॥ ૩૦ ॥
સાંભલે રૂડો ને આચરે ભુંડો ॥ ૩૧ ॥
તે તમે જાણો નીસ્ચે થાએરો ભુંડો ॥ ૩૨ ॥
કામ ક્રોધ વીરા નાંખો કાઢી ॥ ૩૩ ॥
અમીરસ પીવો નીશાની લાવો દાડી ॥ ૩૪ ॥
ઘેર થકી ધરમ દુવારે આવો ॥ ૩૫ ॥
ઉપજે લાભ નીશાની લાવો ॥ ૩૬ ॥
સંપત હોય તેનું લાવો ॥ ૩૭ ॥
મુખી સાથે ન કરીએ દાવો ॥ ૩૮ ॥
દાવો કરે તેને દુનીઆ સો આવે ॥ ૩૯ ॥
આવશે દાળીદ્ર ને દીન ન પાવે ॥ ૪૦ ॥
અધરમી તે જે અણ આચારી ॥ ૪૧ ॥
જાણી અજાણી દેખાડે પચારી ॥ ૪૨ ॥
સુતક ભરીયા જે નર રહેશે ॥ ૪૩ ॥
ઉપજે હાંણ ને બાહુ દુખ સહેસે ॥ ૪૪ ॥
ધરમી ધીંગાણાંની વાત ન જાણે ॥ ૪૫ ॥
અધરમાં મન માંહે એબ્રું આણે ॥ ૪૬ ॥
ધીયાન ધરી હાથે લીધો સમરણી ॥ ૪૭ ॥
છાની છપની કરો ઉતમ કરણી ॥ ૪૮ ॥
ગીનાન ધીઆન માંહે જુઓ વીમાસી ॥ ૪૯ ॥
હાણ વૃદ્ધિ શોધો તપાસી ॥ ૫૦ ॥
જેમામનઅમીરસપીવેનીશાનીલાવેદાડી ॥ ૫૧ ॥
તેને સતગુર મેલે સરવ કષ્ટથી ટાલી ॥ ૫૨ ॥
એરે ગુણે મુનીવર ભરાઆ ॥ ૫૩ ॥

રખીસર શાંભલો તમે સો એ કીરીઆ ॥ ૫૪ ॥

પરથમ

રહેણ ધોઈને નીરમલ કરીએ ॥ ૧ ॥

બીજી કીરીઆ નીત નાહીને જમીએ ॥ ૨ ॥

સતે ચાલો તમે દીવસ ને રાત ॥ ૩ ॥

કુડ કપટની મેલો વાત ॥ ૪ ॥

દયા પાલો તમે દીલસું જાણી ॥ ૫ ॥

સુપાત્રે દાન દીજે પરમાણી ॥ ૬ ॥

પરતક જાણીને પાસે રહીએ ॥ ૭ ॥

સતગુર વચન રદામાંહે ગ્રહીએ ॥ ૮ ॥

વડાઈપણાનો ગરવ ન કરીએ ॥ ૯ ॥

દશમી કીરયા કાંઈ કરોધ ન કરીએ ॥ ૧૦ ॥

સરજેઆ હોય તો સતગુરને મલીએ ॥ ૧૧ ॥

ધરમ તણું આલસ ન કરીએ ॥ ૧૨ ॥

નીત નીત ગતમાંહે મલીએ જાઈ ॥ ૧૩ ॥

ગુર મુખ ગતમાંહે નમો ધીઆઈ ॥ ૧૪ ॥

નીત નીત અમી પીએ તે નર ધરમી ॥ ૧૫ ॥

અહુંકાર મુકે તે સદા સુકરમી ॥ ૧૬ ॥

લોભ ન કરવો એક લગાર ॥ ૧૭ ॥

પાક દાનતે રહેવું નીરધાર ॥ ૧૮ ॥

જુઠું રખીસરે બોલવું નાહી ॥ ૧૯ ॥

સેવા અભીઆગતની કરવી સહી ॥ ૨૦ ॥

ભુખ્યાને ભોજન આપવું જાણી ॥ ૨૧ ॥

તરસ્યાને પણ પાવું પાણી ॥ ૨૨ ॥

નાગાને વસ્ત્ર આપીને અરથજ લેવું ॥ ૨૩ ॥

સગા સાગવાને ગાસજ સેહવું ॥ ૨૪ ॥

સો ગાળ સાંખીને કરોધ ન કરવો ॥ ૨૫ ॥

અવગુણ કરે તાસુ ગુણજ કરવો ॥ ૨૬ ॥

ઓણું કેને વીરા આલવું નહીં ॥ ૨૭ ॥

અણું કેનું વીરા લેવું નાંહી ॥ ૨૮ ॥

કુડી નજર કોઈ પર ન ધરીએ ॥ ૨૯ ॥
પર સ્ત્રી સાથે ગવન ન કરીએ ॥ ૩૦ ॥
જુઠી અજાણી ન દીજે ગવાઇ ॥ ૩૧ ॥
કુડ કપટ ન રચીએ ભાઇ ॥ ૩૨ ॥
મુખ થકી માર ન કહીએ લગાર ॥ ૩૩ ॥
ધન વીયાજનો ન કરીએ આહાર ॥ ૩૪ ॥
હાડ વકરો કરવો નાંહી ॥ ૩૫ ॥
પશુ પાલી ન વેચવું ભાઇ ॥ ૩૬ ॥
ધરતી તણું મુલ ન કરીએ એ છે માતા; ॥ ૩૭ ॥
કન્યા તણું રખે દ્રવ્યજ ખાતા ॥ ૩૮ ॥
દયા આણીને કીજે ઉપકાર ॥ ૩૯ ॥
ચાલીશમી ક્રીરીઆ પાલવી નીરધાર ॥ ૪૦ ॥
લાંચ ન ખાઇએ વીરા એકજ રતી ॥ ૪૧ ॥
જુઠો ખત ન રાખીએ સતી ॥ ૪૨ ॥
મેદાને જાઇ પાંચ આચમન કરીએ ॥ ૪૩ ॥
પાણી લઇને લગનીતજ કરીએ ॥ ૪૪ ॥
આચમન ત્રણ કરવા સહી ॥ ૪૫ ॥
અશુધ દેહ રાખવી નહીં ॥ ૪૬ ॥
માટી લઇને ધોવા હાથ ॥ ૪૭ ॥
નહી કરે તો નહીં થાએ પાક ॥ ૪૮ ॥
વણ ગલ્યું ન પીવું પાણી ॥ ૪૯ ॥
જીવ જંત ન મારીએ જાણી ॥ ૫૦ ॥
હીંગ તમાકુ ન ખાઇએ પ્રાણી ॥ ૫૧ ॥
પરમ ઉપવાસી રહીએ જાણી ॥ ૫૨ ॥
બોટયું ચાટયું કેનું ખાવું નાંહી ॥ ૫૩ ॥
ગલીઅલ વસ્ત્ર ન પેરવું ભાઈ ॥ ૫૪ ॥
અપવાસ વ્રતનું આલસ ન કરીએ ॥ ૫૫ ॥
પાંણી પાખાણની પુજા ન આચરીએ ॥ ૫૬ ॥
મલી થાપણ ન રાખવી જાણી ॥ ૫૭ ॥

વખત વેલા ન ચુકીએ પરાણી ॥ ૫૮ ॥
અમલ થઇને જપીએ જાપ ॥ ૫૯ ॥
વણ પીરસે ખાધે માહા છે પાપ ॥ ૬૦ ॥
લાલચ પીયારી ન કરીએ ભાઇ. ॥ ૬૧ ॥
માતા જાણો તમે વડેરી લોજાઇ ॥ ૬૨ ॥
નીચી સંગતે વીશ આલવું નાંહી ॥ ૬૩ ॥
પાઘડી વાંકી ન બાંધીએ ભાઈ ॥ ૬૪ ॥
અરી પરી કુમી ન કરવી રૂખી ॥ ૬૫ ॥
પાડોસીને દુરખે કરતા દુખી ॥ ૬૬ ॥
વીસવાસઘાત કેને કરવી નાંહી ॥ ૬૭ ॥
પડી જડી વસ્ત કેની લેવી નાંહી ॥ ૬૮ ॥
કેને ત્રાસ ન પાડીએ. જાણી ॥ ૬૯ ॥
ઉધારો ઉછીનું ન રાખીએ પરાણી. ॥ ૭૦ ॥
પારકું ધન લઇ ભાગવું નાંહી ॥ ૭૧ ॥
પુતર થઇને દેવું સહી ॥ ૭૨ ॥
કેને ગાલ ન દીજે જાણી ॥ ૭૩ ॥
મુરખાઈપણું ન રાખીએ પ્રાણી ॥ ૭૪ ॥
ગુર નર દરસન સહુને સરખું ॥ ૭૫ ॥
સરખું કરે તે નર નરખું ॥ ૭૬ ॥
સાચો જુઠો ન કરીએ વાદ ॥ ૭૭ ॥
જુવા જુગટો ન રમીએ સાધ ॥ ૭૮ ॥
નાદ છંદ ન જોઇએ ભવાઇ ॥ ૭૯ ॥
ભગ છળવાથી સત ખોઇએ ભાઇ ॥ ૮૦ ॥
ખારો મોળો અન કેવો નાંહી ॥ ૮૧ ॥
વખાણવું પણ કુવખાણવું માહી ॥ ૮૨ ॥
પરભાતે નાઇને બાહાર નીસરીએ ॥ ૮૩ ॥
સંસાર કરે તે તવ ન કરીએ ॥ ૮૪ ॥
ખટ દરશન પુજે નહીં પામે મોક્ષ ॥ ૮૫ ॥
વેદ શાસ્ત્ર કહે ન કરવો કુવેખ ॥ ૮૬ ॥

હીંડતાં ચાલતાં ખાવું નાંહી ॥ ૮૭ ॥
ચતુરાઈ ચોખાઇએ રહેવું ભાઇ ॥ ૮૮ ॥
ઝેર ખાઈ ઝંપલાઈ જે જીવ મરસે ॥ ૮૯ ॥
તે આવાગમણ ફરી અવતરસે ॥ ૯૦ ॥
જર જમીનની ઇછા ન કરવી ॥ ૯૧ ॥
ઈસ્ત્રી આગલ ગુંજની વાત ન કરવી ॥ ૯૨ ॥
અગનને પાણી ન છાંટવું જાણી ॥ ૯૩ ॥
નીલો ઝાડ ન વાઢીએ પરાણી ॥ ૯૪ ॥
પરભાતે ફૂલ ચુંટે માહા છે પાપ ॥ ૯૫ ॥
કેની એબ ન ઉઘાડવી આપ ॥ ૯૬ ॥
અવાચક પરાંણીની આલ ન કરીએ ॥ ૯૭ ॥
ભોજન છાંડી ઉઠી ન પરહરીએ ॥ ૯૮ ॥
સત પંથી તે જે સતધરમ અનુસરીયા ॥ ૯૯ ॥
રખીસર પાંલો તમે સોએ કીરીઆ ॥ ૧૦૦ ॥



# સચી સમરણી.

---

સચી સમરણી કરીએ; ॥ ૧ ॥
અમીરસ પીને સતગુર ગુણ વરાએ; ॥ ૨ ॥
શીખામણ પુછે તેને દવી સારી: ॥ ૩ ॥
મુનીવર તે જે કેણ ઉત્તમ આચાર; ॥ ૪ ॥
ધરમી ધરમ તમો વોહોરો લોક; ॥ ૫ ॥
સો મીરીઆની તમે પેહરો જનોઇ; ॥ ૬ ॥
બ્રાહ્મણ તે જેને ગુર બ્રહ્માજી મલીઆ; ॥ ૭ ॥
તેને ભવસાગરના ફેરા ટલેઆ; ॥ ૮ ॥
બ્રાહ્મણ તે જે જાણે બ્રહ્મ ગીનાન; ॥ ૯ ॥
ગુરનર દરશન દરસ્ટી સમાન; ॥ ૧૦ ॥
ગુરનર ભેટે ઋડસઠુ તીરથ જાણુ; ॥ ૧૧ ॥
ઋડસઠું તીરથ ગુર ચરણ પરમાણ; ॥ ૧૨ ॥
પરતક ગુરનર ગત માંહે બેઠા; ॥ ૧૩ ॥
ભાગ તેના જેણે નજરે દીઠા; ॥ ૧૪ ॥
ગીનાનધીઆનમાંહેતમેજુવો વીચારી; ॥ ૧૫ ॥
દુન્યા માંહે છ દેવ પરગટ અવતારી; ॥ ૧૬ ॥
નીરમલ થઇને ધરવો ધીઆન; ॥ ૧૭ ॥
રીખીસર તે જે જાણે ગીનાન; ॥ ૧૮ ॥
મુનીવર તે જે વારે મન; ॥ ૧૯ ॥
કરે કસોટી અએ આ રતન; ॥ ૨૦ ॥
પરભાતે ઉઠીને પાકજ થાવું; ॥ ૨૧ ॥
એઠું પસુતં ન ખાઇએ ખાવું; ॥ ૨૨ ॥
નીરમળ થઇને જમીએ સાર; ॥ ૨૩ ॥
પાક નજરે જોવો સંસાર; ॥ ૨૪ ॥
ગત માંહે જઇને સનમુખ રહેવું; ॥ ૨૫ ॥

ગતનું વચન શીરપર લેવું; ॥ ૨૬ ॥
જેણે કલમા નબી પર ભરેઆ; ॥ ૨૭ ॥
તેનાં પગલાં બેહેસ્ત માંહે ધરેઆ; ॥ ૨૮ ॥
જેણે ધીઆન સાહેબ પર ધરેઆ; ॥ ૨૯ ॥
તેણે પાળી સરવે સૌએ કરીઆ; ॥ ૩૦ ॥
ગીઆન ધીઆન માંહે કહ્યા છે રતન; ॥ ૩૧ ॥
પીર સદરદીન બોલે આ સત વચન; ॥ ૩૨ ॥

( સંપુરણ. )

